

» ઇટાલીના મિલાનમાં યોજાયેલા EICMA ઇન્ટરનેશનલ મોટરસાઇકલ એક્ઝિબિશનમાં પ્રદર્શિત ચાર પગ ધરાવતા પર્સનલ મોબિલિટી વ્હીકલ 'કાવાસાકી કોર્લેઓ' પર એક માણસ હાથ અજમાવી રહેલો જોઇ શકાય છે.

કિશોર બિયાની, ફ્યુચર્સ રિટેલ સામે રૂ. ૯૦૪ કરોડના બેંક કૌભાંડ અંગે સીબીઆઇએ ગુનો નોંધ્યો

કિશોર બિયાનીના ભાઇ રાકેશ સામે પણ ગુનો દાખલ, મુંબઇમાં અનેક સ્થળે દરોડા, શંકાસ્પદ દસ્તાવેજો કબજે

એસબીઆઇની ફરિયાદના આધારે કાર્યવાહી કરવામાં આવી, લોન લઇને ફંડ અન્યત્ર ડાઇવર્ટ કરાયું હોવાનો આરોપ

નવી દિલ્હી, ૬ નવેમ્બર (પીટીઆઈ): સીબીઆઈએ ૯૦૪.૩ર કરોડ રૂપિયાની કથિત બેંક છેતરપિંડીના મામલામાં ફ્યુચર રિટેલ લિમિટેડ અને જાણીતા ઉદ્યોગપતિ કિશોર બિયાની સામ FIR નોંધી છે અને શુક્રવારે મુંબઈમાં તેમની સાથે સંકળાયેલા સ્થળો પર દરોડા પાડ્યા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીબીઆઈએ છેતરપિંડી માટે ગુનાહિત કાવતરું રચવા બદલ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા આ કેસમાં તેમના ભાઈ રાકેશ બિયાની સામે પણ ગુનો નોંધ્યો છે.

સીબીઆઈના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા(SBI), સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ બ્રાન્ચ - III, મુંબઈની ફરિયાદના આધારે મેસર્સ ફ્યુચર રિટેલ લિમિટેડ (M/s. FRL) અને તેના પ્રમોટર્સ/મેનેજિંગ ડિરેક્ટર્સ/એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ/ગેરંટર્સ જેવા કે (i) કિશોર બિયાની (ii) રાકેશ બિયાની, અજાણ્યા સરકારી કર્મચારીઓ અને અન્ય અજાણ્યા લોકો સામે છેતરપિંડી કરવાના ગુનાહિત કાવતરા અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળના ગુનાઓ માટે કેસ નોંધ્યો છે, જે કૌભાંડના કારણે ફરિયાદ કરનાર બેંકને કથિત રીતે ૯૦૪.૩ર કરોડ રૂપિયાનું નુકસાન થયું છે." પ્રતિક્રિયા મેળવવા માટે કંપનીને કરવામાં આવેલા અનેક કોલનો કોઈ જવાબ મળ્યો ન હતો.

સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે એસબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ અનુસાર, આરોપીઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને નવ બેંકોના કન્સોર્ટિયમ પાસેથી ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે ગુનાહિત કાવતરું રચ્યું હતું. સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે કંપનીએ જે હેતુઓ માટે બેંક ફંડ મંજૂર કરવામાં આવ્યા હતા તેના માટે તેનો ઉપયોગ કર્યો ન હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વધુમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે કંપનીએ એસોસિએટ કંપનીઓ/સંકળાયેલી સંસ્થાઓ દ્વારા નાણાંની હેરફેર કરીને ફંડ અન્યત્ર ડાયવર્ટ કર્યું હતું અને બેંકને નુકસાન પહોંચાડ્યું હતું." એજન્સીએ ૪ નવેમ્બરે એફઆઈઆર નોંધી હતી અને મુંબઈમાં સ્થિત વિવિધ સ્થળો પર દરોડા પાડ્યા હતા. સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "દરોડા દરમિયાન તપાસ સંબંધિત શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા હતા અને જપ્ત કરવામાં આવ્યા હતા."

બલૂચ આર્મીના કમાન્ડર-ઈન-ચીફ બશીર જેબ પદ પરથી હટાવાયા

બશીરે પાકિસ્તાનમાં મોટા હુમલાઓનું કર્યું હતું નેતૃત્વ

ફિલ્મ 'ધુરંધર'ના પાત્ર હમજા સાથે સરખામણી થતી હતી

બશીરને હટાવવા પાછળ ઓપરેશન હેરોફ-2 ની નિષ્ફળતા અને આંતરિક મતભેદો મુખ્ય કારણ

બશીર જેબના નેતૃત્વમાં BLA દ્વારા કરાયેલા મુખ્ય હુમલાઓ

» કરાચીમાં ચીની દૂતાવાસ પર હુમલો (નવેમ્બર 2018): આ હુમલામાં 2 પોલીસકર્મીઓ સહિત 4 લોકોનાં મોત થયાં હતાં, અને ત્રણેય હુમલાખોરો પણ માર્યા ગયાં હતાં. » પર્લ કોન્ટિનેન્ટલ હોટેલ, ગ્વાદર (મે 2019): હોટેલ પર કરાયેલા હુમલામાં 4 કર્મચારીઓ અને નૌકાદળનો 1 જવાન શહીદ થયો હતો. » પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ, કરાચી (જૂન 2020): સ્ટોક એક્સચેન્જ પરના હુમલામાં 4 સુરક્ષાકર્મી અને 1 પોલીસકર્મી સહિત 5 લોકોનાં મોત થયાં હતાં, જેમાં 4 હુમલાખોરો માર્યા ગયાં હતાં. » ચીની નાગરિકોના કાફલા પર હુમલો, ગ્વાદર (ઓગસ્ટ 2021): આત્મઘાતી હુમલાખોરે ચીની નાગરિકો અને સુરક્ષા જવાનોના કાફલાને નિશાન બનાવ્યો હતો. » ગ્વાદર પોર્ટ ઓથોરિટી કોમ્પ્લેક્સ (માર્ચ 2024): મજીદ બ્રિગેડના લડવૈયાઓએ સંકુલ પર હુમલો કર્યો, જેમાં 2 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. » જાફર એક્સપ્રેસ ટ્રેનનું અપહરણ (માર્ચ 2025): બલૂચિસ્તાનમાં પેસેન્જર ટ્રેન રોકીને મુસાફરોને બંધક બનાવ્યા હતા, ત્યારબાદ સુરક્ષા દળોએ રેસ્ક્યુ ઓપરેશન ચલાવ્યું હતું.

ઈસ્લામાબાદ, તા. 6: બલૂચ લિબરેશન આર્મી (બીએલએ)ના કમાન્ડર-ઈન-ચીફ બશીર જેબને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં અનેક મોટા હુમલાઓનું આયોજન કરીને પોતાની ઓળખ બનાવનાર બશીર જેબના હથિયારબંધ લડવૈયાઓ સાથેના વીડિયો વાયરલ થયા બાદ તેમની સરખામણી ફિલ્મ 'ધુરંધર'ના પાત્ર હમજા સાથે થવા લાગી હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની સેના સામેના નિષ્ફળ ઓપરેશન અને મહિલા આત્મઘાતી હુમલાવરોના ઉપયોગને લઈને સંગઠનમાં તેમના વિરુદ્ધ અસંતોષ વધી રહ્યો હતો.

બીએલએ દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ, બશીર જેબ હવે કમાન્ડર-ઈન-ચીફ રહેશે નહીં અને તેમના તમામ વહીવટી તેમજ સૈન્ય નિર્ણયોના અધિકારો સીનિયર કમાન્ડ કાઉન્સિલને સોંપવામાં આવ્યા છે. બીએલએની શીર્ષ સમિતિઓની બેઠકમાં સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેને નિયમો મુજબ શાંતિપૂર્ણ નેતૃત્વ પરિવર્તન ગણાવવામાં આવ્યું છે. જોકે, તેમને હટાવા પાછળનું સત્તાવાર ચોક્કસ કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી, પરંતુ રિપોર્ટ્સ મુજબ ઓપરેશન હેરોફ-2ના નબળા પરિણામો અને આંતરિક વિવાદો જવાબદાર હોઈ શકે છે. સંગઠને માત્ર એટલું કહ્યું છે કે આ નિર્ણય નિયમો હેઠળ લેવાયો છે. આ નિયમો મુજબ કોઈ પણ કમાંડર આજીવન સંગઠનના ટોચના પદ પર રહી શકે નહીં.

બીજી બાજુ બશીર અત્યારે ક્યાં છે તેની પણ કોઈ માહિતી સામે આવી નથી, એ સ્પષ્ટ નથી કે તેઓ અત્યારે મુક્ત છે, અટકાયતમાં છે કે કશે બીજે જતા રહ્યા છે.

સપ્તાહમાં ત્રીજી વખત યુરોપમાં અનેક ફ્લાઇટોને બોમ્બની ધમકીઓ

બર્લિન, તા. ૬(પીટીઆઇ): ચિંતિત યુરોપિયન અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે, આ સપ્તાહ દરમિયાન ફ્લાઈટ્સના રૂટ બદલવા માટે મજબૂર કરનાર અનેક બોગસ ધમકીઓ બાદ વધુ કેટલીક ફ્લાઈટ્સ પર બોમ્બ હોવાની નવી ધમકીઓ મળી છે. કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી અને કોઈને ઈજા થઈ નથી, પરંતુ આ ધમકીઓએ ચિંતા વધારી દીધી છે. કારણ કે આ ધમકીઓ એવા સમયે આવી છે જ્યારે યુરોપ તાજેતરના અન્ય ઘણા વિક્ષેપો–જેમ કે સુપરમાર્કેટ રેફ્રિજરેશન સિસ્ટમ્સ પરના હુમલા અને ડ્રોનની ઘૂસણખોરીથી પહેલેથી જ ઝઝૂમી રહ્યું છે. ફ્રેન્ચના વડાપ્રધાન સેબાસ્ટિયન લેકોર્નુના કાર્યાલયે શુક્રવારે જણાવ્યું હતું કે, "ફ્રાન્સના હવાઈ વિસ્તાર પરથી ઉડી રહેલા વિમાનો પર આજે વધુ ચાર નવી બોમ્બ ધમકીઓ મળી હતી. વિમાનો સુરક્ષિત રીતે લેન્ડ થયા હતા અને બોમ્બ નિકાલ નિષ્ણાતો દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. જો કે, આ નિવેદનમાં અસરગ્રસ્ત ફ્લાઈટ્સ વિશે વધુ વિગતો આપવામાં આવી નહોતી. રોમાનિયન કેરિયર તારોમ દ્વારા સંચાલિત પ્રાગથી બુકારેસ્ટ જતી એક ફ્લાઇટને બોમ્બની ધમકી મળી હતી. પ્લેન તેના નિર્ધારિત ગંતવ્ય સ્થાન પર ઉતર્યું હતું, અને એરપોર્ટ પ્રશાસનના અધિકારીઓએ જણાવ્યું હતું કે બોમ્બની ધમકી ખોટી સાબિત થઈ હતી. હંગેરીમાં ધમકી પછી ત્રણ વિમાનોનું લશ્કરી વિમાનોએ એસ્કોર્ટિંગ કર્યું હતું. આ સપ્તાહના પ્રારંભમાં ધમકીઓને કારણે બે ડઝનથી વધુ ફ્લાઈટ્સ અસરગ્રસ્ત થઈ હતી, જેમાં સત્તાવાળાઓએ કોઈપણ ભયને નિવારવા માટે કેટલીક ફ્લાઈટ્સના રૂટ પણ બદલી નાખ્યા હતા. આ એરલાઈન બોગસ ધમકીઓના મોજ પાછળ કોણ છે તે હજુ અસ્પષ્ટ છે, જે વધતા ભૌગોલિક અને રાજકીય તણાવ તેમજ સત્તાવાળાઓની ચેતવણીઓ વચ્ચે આવ્યું છે કે રશિયા યુરોપમાં કહેવાતા હાઈબ્રિડ ખતરાઓને વધારી રહ્યું હોઈ શકે છે. આયર્લેન્ડમાં સરકારી બ્રોડકાસ્ટર આરટીઈને ધમકી મળ્યા બાદ તેનું વડુમથક ખાલી કરાવાયું હતું તો યુકેના એક પ્રસારક સ્કાયે પણ પોતાને ધમકી મળી હોવાનું જણાવ્યું હતું. આ બનાવો સંકલિત છે કે કેમ? તે તરત જાણી શકાયું ન હતું.

ચીન બાંગ્લાદેશને જે-સિરીઝ ફાઇટર જેટો આપશે

આવતા વર્ષે બાંગ્લાદેશને અંદાજે ૨૨ હજાર કરોડ રૂપિયાના ફાઇટર જેટ આપવાની યોજના

બાંગ્લાદેશના પાયલોટોને પાકિસ્તાની હવાઇ દળ આ ફાઇટર જેટો ઉડાવવાની તાલીમ આપશે, ટ્રેનિંગ ભારતની સરહદથી માત્ર ૪૦ કિલોમીટરના અંતરે યોજાય તેવી વકી

બૈજિંગ, ઢાકા, તા. ૬: ચીન આવતા વર્ષે બાંગ્લાદેશને અંદાજે ૨૨ હજાર કરોડ રૂપિયાના જે-સિરીઝ ફાઇટર જેટ આપશે. આ વિમાનો ચલાવવાની તાલીમ પાકિસ્તાનની હવાઇ દળ આપશે. આ માટે પાકિસ્તાની ટ્રેનર્સ ભારતની સરહદથી લગભગ 40 કિલોમીટર દૂર બાંગ્લાદેશના જેસ્સોર એરબેઝ પર પાઇલટ્સને પ્રશિક્ષણ આપી શકે છે. પાકિસ્તાનની એરફોર્સ 2022થી ચીનમાં બનેલા જે-સિરીઝ ફાઇટર જેટ ઉડાવી રહી છે. ચીન પછી પાકિસ્તાન પાસે આ વિમાનોનો સૌથી મોટો કાફલો છે. આ જ કારણસર તેની પાસે આ વિમાનો ઉડાવવાનો સૌથી વધુ અનુભવ પણ છે. ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશની વાયુસેનાના અધિકારીઓની ડિસેમ્બરમાં ઢાકામાં બેઠક પણ થશે. ઢાકામાં યોજાનાર જોઈન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત પાકિસ્તાની એરફોર્સ બાંગ્લાદેશી પાઈલટ્સને તાલીમ આપશે. આ ઉપરાંત, રડાર દ્વારા દુશ્મનના વિમાનોની ઓળખ કરવા અને તેના પર નજર રાખનારા કંટ્રોલર્સને પણ તાલીમ આપવામાં આવશે. ગ્રાઉન્ડ ક્રૂ માટે પણ અલગ કોર્સ ચલાવવામાં આવશે. પાકિસ્તાનના એર વાઈસ માર્શલ ઓરંગઝેબ અહેમદના નેતૃત્વમાં પાંચ સભ્યોની એક ટીમ ઢાકા પહોંચી ચૂકી છે. આ ટીમે ત્યાંના એરબેઝ અને અન્ય જરૂરી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. સાથે જ ટેકનિકલ ટ્રેનિંગ અને સિમ્યુલેટરના લેવડ-દેવડની યોજના પણ તૈયાર કરી છે. બાંગ્લાદેશના રડારથી ચીનને મદદ મળી શકે છે. ચીનની વાયુસેના સાથે તેની ટેકનિકલ ટીમો અને ડેટા લિંક સિસ્ટમ પણ કામ કરે છે. આવી સ્થિતિમાં આશંકા છે કે ભવિષ્યમાં LAC પર ભારત અને ચીન વચ્ચે તણાવ વધવા પર બાંગ્લાદેશના રડારથી મળતી માહિતી ચીનના સૈન્ય નેટવર્ક સુધી પહોંચી શકે છે.



ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રાની દિવાળી પાર્ટીમાં સ્ટાર્સનો જમાવડો



મુંબઈ, તા. 6: પ્રખ્યાત ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રા દ્વારા મુંબઈમાં દિવાળી પાર્ટીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બોલિવૂડના અનેક સિતારાઓએ હાજરી આપી હતી. આ પાર્ટીમાં ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનની રોમેન્ટિક કેમિસ્ટ્રીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બંને એકબીજાનો હાથ પકડીને પહોંચ્યા હતા. બીજી તરફ, મલાઇકા અરોરા તેના કથિત બોયફ્રેન્ડ અને બિઝનેસમેન હર્ષ મહેતા સાથે જોવા મળી હતી, જ્યારે તેનો એક્સ-પાર્ટનર અર્જુન કપૂર પણ આ પાર્ટીમાં હાજર રહ્યો હતો. કરીના કપૂર ખાને પતિ સૈફ અલી ખાન સાથે ગોલ્ડન સિક્વિન સાડીમાં ગ્લેમરસ એન્ટ્રી કરી હતી. અક્ષય કુમાર અને માધુરી દીક્ષિત જેવા દિગ્ગજો પણ પરિવાર સાથે સામેલ થયા હતા. નીતા અંબાણી પણ આ પાર્ટીમાં હાજર રહ્યા હતા.

અમિતાભના બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો



15 દિવસમાં બીજો ઈમેલ; મુંબઈમાં હાઈ એલર્ટ

ઈમેલમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ, વર્લી રેસકોર્સ અને હાઈકોર્ટને પણ નિશાન બનાવવાની ધમકી

મુંબઈ, 6 નવેમ્બર: બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના જુહૂ સ્થિત બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક ઈમેલ મળ્યા બાદ મુંબઈમાં સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર મુકાઈ ગઈ છે. આ ઈમેલમાં અમિતાભના બંગલા ઉપરાંત બોમ્બે સ્ટોક એક્સચેન્જ, વર્લી રેસકોર્સ અને બોમ્બે હાઈકોર્ટને પણ નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે. ધમકી મળતાં જ મુંબઈ પોલીસ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમોએ ઉપરોક્ત તમામ સ્થળોએ વ્યાપક તલાશી અભિયાન હાથ ધર્યું હતું. જોકે, તપાસ દરમિયાન પોલીસને કોઈ શંકાસ્પદ કે વિસ્ફોટક સામગ્રી મળી નથી. સાયબર પોલીસ હાલ આ ઈમેલ મોકલનાર વ્યક્તિના આઈપી એડ્રેસને ટ્રેસ કરી રહી છે. આ અગાઉ 23 ઓક્ટોબરે પણ મુંબઈના મેયર રિતુ તાવડેને એક ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. જેમાં અમિતાભ બચ્ચન અને પંજાબી સિંગર દિલજીત દોસાંજને જાનથી મારી નાખવાની ધમકી સાથે 1984ના 'ઓપરેશન બ્લુ સ્ટાર'નો બદલો લેવાનો ઉલ્લેખ કરાયો હતો.



સુકેશ સાથેના પ્રથમ સંપર્ક અંગે નોરા ફતેહીનો દિલ્હી કોર્ટમાં ખુલાસો

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઇ): રૂ. 200 કરોડના વસૂલી કેસમાં બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહી શુક્રવારે દિલ્હી કોર્ટમાં સાક્ષી તરીકે હાજર થઇ હતી. એડિશનલ સેશન્સ જજ ગગનદીપ સિંહ સમક્ષ પોતાનું નિવેદન નોંધાવતા અભિનેત્રીએ ખુલાસો કર્યો હતો કે ડિસેમ્બર 2020માં ચેન્નાઇ ખાતે યોજાયેલા એક ચેરિટી કાર્યક્રમ દરમિયાન કથિત ઠગ સુકેશ ચંદ્રશેખરનાં પત્ની લીના પૌલોસે જ ફોન પર તેનો વાત સુકેશ સાથે કરાવી હતી. કેનેડિયન નાગરિકતા ધરાવતી અને વર્ષ 2014થી ભારતીય ફિલ્મોમાં કામ કરતી નોરાએ જણાવ્યું હતું કે, ચેન્નાઇ ખાતેના ડાન્સ ઈવેન્ટ માટે લીનાની એજન્સી દ્વારા તેનું બુકિંગ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પહેલાં લીના પૌલોસે તેના રૂમમાં આવીને પોતાના પતિ સુકેશ સાથે સ્પીકર ફોન પર વાત કરાવી હતી. આ વાતચીત દરમિયાન સુકેશે પોતાની જાતને તેનો ફેન ગણાવીને ભવિષ્યમાં વધુ શો કરવાની ઈચ્છા દર્શાવી હતી અને એક મોંઘી કાર ભેટ તરીકે આપવાનો પ્રસ્તાવ મુક્યો હતો. દિલ્હી પોલીસના ઇકોનોમિક ઓફેન્સ વિંગ દ્વારા પૂછપરછ માટે બોલાવેલી નોરાએ સ્પષ્ટ કર્યું કે તે સમયે તેની ફી અને અન્ય પરિવહન ખર્ચ તેની મેનેજમેન્ટ કંપની દ્વારા લેવામાં આવ્યા હતા. અદાલતે અગાઉ ગેરહાજર રહેવા બદલ અભિનેત્રીના વર્તન સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને હવે આ મામલે આગામી સુનાવણી માટે 30 નવેમ્બરની તારીખ નક્કી કરી છે.

સલમાનની 'માતૃભૂમિ' 4 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રીલીઝ થશે



ફિલ્મની સ્ક્રીપ્ટમાં ફેરફાર કરવા માટે સરકાર કે સેન્સર બોર્ડ તરફથી કોઇ દબાણ કરવામાં આવ્યું ન હતું: સલમાન

મુંબઈ, તા. 6 (પીટીઆઇ): બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને શુક્રવારે પોતાની બહુપ્રતિક્ષિત વોર ડ્રામા ફિલ્મ 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ'ના રીલીઝની તારીખની જાહેરાત કરી છે. અપૂર્વ લાખિયા દ્વારા નિર્દેશિત આ ફિલ્મ 4 ડિસેમ્બરના રોજ દેશભરના થિયેટરોમાં રિલીઝ થશે. આ સાથે જ સલમાને સ્પષ્ટ કર્યું હતું કે ફિલ્મની સ્ક્રીપ્ટમાં ફેરફાર કરવા માટે સરકાર કે સેન્સર બોર્ડ (સીબીએફસી) તરફથી કોઈ દબાણ કરવામાં આવ્યું ન હતું. ફિલ્મનું સત્તાવાર ટ્રેલર ટૂંક સમયમાં રિલીઝ થશે. આ ફિલ્મ મે 2020માં લડાખની ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણ પર આધારિત છે, જેમાં 16-બિહાર રેજિમેન્ટના શહીદ થયેલા 20 ભારતીય જવાનોની શૌર્યગાથા દર્શાવવામાં આવી છે. ફિલ્મમાં સલમાન ખાન વીરગતિ પામેલા મહાવીર ચક્ર વિજેતા કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુની મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. ફિલ્મના પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન રિલીઝમાં થયેલા વિલંબ અંગે વાત કરતાં સલમાને જણાવ્યું હતું કે, ફિલ્મના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX) પર ખૂબ જ ચોકસાઈથી કામ કરવામાં આવ્યું છે જેથી દર્શકોને દ્રશ્યોનો અદ્ભુત અનુભવ મળે. વધુમાં, સહ-કલાકાર ચિત્રાંગદા સિંહને થયેલી ઈજાના કારણે પણ શૂટિંગ પાછળ ઠેલાયું હતું. અગાઉ 'બેટલ ઓફ ગલવાન' નામ ધરાવતી આ ફિલ્મ તમામ વિલંબ બાદ હવે 4 ડિસેમ્બરે દર્શકો સમક્ષ રજૂ થશે. સલમાને સ્પષ્ટ કર્યું હતું કે ચીન વિરોધી તત્વોને ઓછા કરવા માટે સ્ક્રિપ્ટ બદલવામાં આવી હોવાની વાતો માત્ર અફવા છે. સેન્સર બોર્ડે ફિલ્મમાં કોઈપણ પ્રકારના કટ વગર તેને પાસ કરી છે. ટાઇટલ બદલવા અંગે તેણે સ્પષ્ટતા કરી હતી કે 'બેટલ ઓફ ગલવાન' નામ માત્ર ક્લેપબોર્ડ પર રાખેલું અસ્થાયી નામ હતું. બાદમાં હિમેશ રેશમિયાના ગીતમાંથી પ્રેરણા લઈને તેનું નામ 'માતૃભૂમિ' રાખવામાં આવ્યું હતું.

ચીને ફિલ્મનું ટીઝર જોઈ વાંધો ઉઠાવ્યો હતો

સલમાને ગયા વર્ષે ડિસેમ્બરમાં પોતાના 60મા જન્મદિવસે આ ફિલ્મનું પ્રથમ ટીઝર રિલીઝ કર્યું હતું. ચીનના સરકારી અખબાર 'ગ્લોબલ ટાઇમ્સ' દ્વારા આ ટીઝરની આકરી ટીકા કરવામાં આવી હતી અને ફિલ્મમાં તથ્યોને તોડી-મરોડીને રજૂ કરવાનો આક્ષેપ મૂકાયો હતો. તે સમયે ભારતીય સરકારી સૂત્રોએ વળતો પ્રહાર કરતાં કહ્યું હતું કે, 'ભારતમાં સિનેમેટિક અભિવ્યક્તિની લાંબી પરંપરા રહી છે. 1964માં 1962ના ભારત-ચીન યુદ્ધ પર 'હકીકત' અને તાજેતરમાં રેઝાંગ લાના ઐતિહાસિક યુદ્ધ પર '120 બહાદુર' જેવી ફિલ્મો બની ચૂકી છે.'

ટેસ્લા પોતાની સાયબરટ્રકનું ઉત્પાદન બંધ કરી દેશે

ન્યૂ યોર્ક, ૬ નવેમ્બર : સંભવિત ખરીદદારો માટે આકર્ષણ અને વિવાદ બંને ધરાવતા સ્ટેનલેસ-સ્ટીલ ઈલેક્ટ્રિક વાહન ટેસ્લાના સાયબરટ્રકનું ઉત્પાદન આવતા વર્ષે બંધ કરવામાં આવશે. સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં સીઈઓ ઈલોન મસ્કે જણાવ્યું હતું કે, "ગીગાફેક્ટરી ટેક્સાસ ખાતે સાયબરકેબનું ઉત્પાદન વધારવા માટે જગ્યા બનાવવા માટે ટેસ્લા આવતા વર્ષના મધ્ય ભાગની આસપાસ સાયબરટ્રકનું ઉત્પાદન ધીમે ધીમે બંધ કરશે." ટેક્સાસની આ સુવિધા જ એકમાત્ર એવું સ્થળ છે જ્યાં સાયબરટ્રકનું ઉત્પાદન થાય છે. આ વાહનને ખામીઓને કારણે વારંવાર પાછું ખેંચવું પડ્યું હતું. ટેસ્લાના વાહનો, અને ખાસ કરીને સાયબરટ્રકની ચર્ચાને તેની અનોખી અનઓર્થોડોક્સ ડિઝાઈનને કારણે રાજકીય રંગ પણ મળ્યો હતો જ્યારે કે અમેરિકા અને યુરોપમાં વધતા રાજકીય મતભેદો વચ્ચે મસ્કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેટલાક જમણેરી વિચારધારા ધરાવતા મુદ્દાઓને સમર્થન આપ્યું હતું. ટ્રમ્પને મસ્કના ટેકા બદલ ભાંગફોડિયાઓ ઘણીવાર આ અનબ્રેકેબલ કહેવાતા વાહનને નિશાન બનાવતા હતા. વર્ષ ૨૦૨૫ના પ્રથમ બે મહિનામાં યુરોપમાં ઈલેક્ટ્રિક વાહનોનું કુલ વેચાણ વધવા છતાં ટેસ્લા વાહનોના વેચાણમાં ૪૯%નો મોટો ઘટાડો નોંધાયો હતો.

યમનના વ્યસ્ત બજાર પર હવાઈ હુમલામાં 20થી વધુનાં મોત

કેરો, તા. 6 (એપી): દક્ષિણ-પશ્ચિમ યમનના એક વ્યસ્ત બજાર પર શુક્રવારે સવારે થયેલા ભીષણ વિમાની હુમલામાં ઓછામાં ઓછા 20 લોકોનાં મોત થયાં છે અને અન્ય 15થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓના જણાવ્યા અનુસાર, હુથી જૂથ અને સાઉદી અરેબિયા સમર્થિત સરકારી દળો વચ્ચે ફરી યુદ્ધ શરૂ થયા બાદ આ સૌથી ઘાતક હુમલાઓમાંથી એક છે. હુથી મંત્રાલયના પ્રવક્તા અનીસ અલસબાહીએ જણાવ્યું હતું કે તાઈઝ પ્રાંતના અલ-વાઝિયામાં આવેલા અલ-હદારા બજાર પર સવારે 7 વાગ્યાની આસપાસ ત્રણ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા, જેમાં મૃત્યુઆંક વધવાની આશંકા છે. હુથી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ આ હુમલા માટે સાઉદી ગઠબંધનને જવાબદાર ઠેરવ્યું છે. જોકે, સાઉદી અરેબિયાના માહિતી મંત્રાલયે આ અંગે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નથી. બીજી તરફ, તાઈઝ પ્રાંતના સરકારી મીડિયા ઓફિસે હુમલાની પુષ્ટિ કરી છે પરંતુ તેમણે હવાઈ હુમલાના દાવાને નકારી કાઢતા હુથી વિદ્રોહીઓને જ જવાબદાર ગણાવ્યા છે. સરકારે આક્ષેપ કર્યો છે કે હુથીઓ દ્વારા કરવામાં આવતા અંધાધૂંધ બેલેસ્ટિક મિસાઈલ હુમલા નાગરિકોના જીવનને જોખમમાં મૂકે છે. ઉલ્લેખનીય છે કે, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા તાઈઝ પ્રાંત પર કબજો કરવા માટે છેલ્લા કેટલાક સમયથી હુથીઓ અને સરકારી દળો વચ્ચે હિંસક સંઘર્ષ ચાલી રહ્યો છે, જેના કારણે માનવતાવાદી સંકટ વધુ ઘેરું બન્યું છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,29,230/-
18 KT 1,05,700/- 14 KT 82,440/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

ટોરેન્ટ પાવર લીમીટેડ

જાહેર નોટિસ

ટોરેન્ટ પાવર લીમીટેડ, અરજદાર, દ્વારા GERC (Procurement of Energy from Renewable Sources) Regulations, ૨૦૧૦નાં નિયમ ૪.૧ અને ૪.૨ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રીન્યુએબલ ઊર્જા સ્ત્રોતોમાંથી ન્યુનતમ વીજ ખરીદના સુધારા માટેની અરજી (અરજી નં ૨૫૨૩/૨૦૨૫) નામદાર ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ દાખલ કરેલ છે.

નામદાર કમિશનના આદેશ અનુસાર, અરજદારે પક્ષકારો પાસેથી વાંધા/સૂચનો મંગાવવા આ નોટીસ જાહેર કરેલ છે. આ અરજીની નકલ અને વધારાની રજૂઆત કંપનીની વેબસાઈડ (http://www.torrentpower.com/index.php/regulatory/renewable) પર ઉપલબ્ધ છે.

આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે જે પક્ષકારોને પોતાના વાંધા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતાની અરજી સોગંદનામા સાથે પાંચ સેટમાં સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠોમાળ, ગીફટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફટ સીટી, ગાંધીનગર – ૩૮૨ ૦૫૦ ને આ નોટીસ જારી કરવાની તારીખ થી ૩૦ દિવસની અંદર મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહીકરનારને પણ મોકલવાની રહેશે.

ટોરેન્ટ પાવર લીમીટેડ
"સમન્વય", ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. ૦૬ નવેમ્બર, ૨૦૨૬

ટોરેન્ટ પાવર લીમીટેડ વતી
સહી/–
વાઇસ પ્રેસીડેન્ટ (રેગ્યુલેટરી અફેર્સ)

શ્રી સાઈબાબા મંદિર - ચૌટા બજાર

દિવાળી ઉત્સવ પૂજાના કાર્યક્રમો



શ્રી સાઈબાબા, નાની હીંગ પોળ, ચૌટા બજારના અસ્સલ અને પૌરાણિક મંદિર તથા માછલી પીઠ, ચૌટા પૂલ નીચેના નવા સાઈબાબા મંદિરમાં દિવાળી ઉત્સવ – પૂજાની તૈયારી જોર શોરથી ચાલી રહી છે. શિર્ડી – મહારાષ્ટ્રમાં સાઈબાબાની મુર્તિની સ્થાપના બાદ તુરંત જ સુરતના આ મંદિરમાં તા.૨૭-૪-૧૯૬૧ના રોજ સાઈબાબાના પવિત્ર આગમનનું ૬૬મું વર્ષ ચાલી રહ્યું છે. સુરતના આ પવિત્ર મંદિરમાં ભક્તોને ભારે આસ્થા અને શ્રદ્ધા છે અને નૂતન વર્ષ બાબાના આશીર્વાદ સાથે સફળતા પૂર્વક શરૂ કરવા વિનંતી છે.

શ્રદ્ધાના ધામ સમા મંદિર નો જીર્ણોદ્ધાર તથા શ્રી હનુમાન દાદા, દ્વારકા માઇ તથા ગુરુ સ્થાન જેને નિહાળી ભક્તો એક સૂરે કહે છે કે શ્રી ક્ષેત્ર શિરડીમાં બેઠા હોય તેવો અહેસાસ થાય છે. પ.પૂ. ડોંગરેજી મહારાજની પ્રેરણાથી સ્થાપિત સુરતમાં સૌપ્રથમ દ્વાદશ જ્યોતિર્લિંગ મહાદેવ મંદિરની જીર્ણોદ્ધાર પછીની અલૌકિકતા માણવા ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. કષ્ટભંજન હનુમાનજીના પાવન દર્શન તમામ કષ્ટો દૂર કરે છે.

તા.૭, નવેમ્બર, શનિવાર	ધનતેરસના લક્ષ્મી પૂજન	સવારે ૭.૩૦ કલાકે
તા.૯, નવેમ્બર, સોમવાર	દિવાળી, ચોપડા પૂજન	સવારે ૯.૦૦ કલાકે
તા.૧૦, નવેમ્બર, મંગળવાર	નવા વર્ષે	રાત્રે ૧૧.૪૫ કલાક થી



મંગળ સ્નાન તથા આરતી સાથે બાબાના પુણ્યશાળી દર્શન મંગળવાર દિવસભર ખુલ્લા રહેશે તથા ભક્તોને ગુજરાતી પંચાંગ કેલેન્ડર અને પ્રસાદ વિતરણ થશે. આ મંડળના અનેકવિધ સેવા કાર્યોમાં આપનો ફાળો આપશો એ જ પ્રાર્થના...

વહેલી સવારે કેસર - પિસ્તા દૂધ પ્રસાદી મળશે.

શ્રી મહેન્દ્રભાઈ: +૯૧ ૯૮૨૫૧ ૨૯૨૨૭ • શ્રી કિરીટભાઈ: +૯૧ ૯૮૨૫૫ ૫૯૬૧૬